
# કાયદાનું સરળીકરણ જરૂરી : મોદી

નવી દિલ્હી,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જજની પરિષદમાં વાત કરતાં કહ્યું હતું કે ખૂબ જ જટીલ બની ગયેલા કાયદાઓને ખતમ કરવાનો સમય આવી ગયો છે. મોદીએ કાયદા અને કાનુનની પ્રક્રિયામાં મોટાપાયે ફેરફાર કરવાની તરફેણ કરી હતી અને કહ્યું હતું કે, જટીલ કાયદાઓને દૂર કરવામાં આવે તે જરૂરી છે. કાયદાકીય પ્રક્રિયા બોજરૂપ ન બને તે ખૂબ જરૂરી છે. મોદીએ ઉમેર્યું હતું કે તેઓ દરરોજ એક એવા મુશ્કેલ કાયદાને ખતમ કરવાની ઈચ્છા રાખે છે. નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટના જજ અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની પરિષદને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, જજ ઉપર ખૂબ જ મોટી જવાબદારી છે. કારણકે ભગવાને તેમની પવિત્ર કામ માટે પસંદગી કરી છે. આ પરિષદમાં મોદીએ એમપણ કહ્યું હતું કે જજની પાસે દેવીશક્તિ રહે છે. સામાન્ય લોકોને જજથી ખૂબ જ અપેક્ષાઓ પણ રહે છે. મોદીએ કહ્યું હતું કે ન્યાયતંત્ર ખૂબ શક્તિશાળી રહે તે ખૂબ જરૂરી છે અને એકદમ યોગ્ય રહે તે પણ જરૂરી છે. આ એક એવી જગ્યા છે જેના ઉપર દેશના લોકોનો વિશ્વાસ છે. વડાપ્રધાને કહ્યું હતું કે દેશમાં કાયદાની સારી સંસ્થાઓ સ્થાપિત કરવાની જરૂર છે. મોદીએ ઉમેર્યું હતું કે, ભાવિ જરૂરીયાતોને ધ્યાનમાં લઈને પહેલાથી જ વિચારણા કરવી પડશે જેથી સારા કાયદા અને સારી કાયદાની સંસ્થાઓ રહે તે ખૂબ જરૂરી છે. ન્યાયિક વ્યવસ્થામાં ટેકનોલોજીનો ઉપયોગ વધુ વધે તેની વાત કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, આનાથી જોરદાર ફેરફાર થશે. તેમણે ઉમેર્યું હતું કે જજને ફોરેન્સિક સાયન્સ અંગે પણ માહિતી હોવી જોઈએ. આ બાબતની ખાતરી કરવી પડશે કે આ કામ માટે સારા લોકો ઉપલબ્ધ બને. વડાપ્રધાને ઉમેર્યું હતું કે, સરકાર કેટલાક જુના અને બિનઅસરકારક બની ગયેલા કાયદાઓને દૂર કરવા જઈ રહી છે. આ પ્રકારના ૭૦૦ કાયદાઓ છે. મોદીએ ઉમેર્યું હતું કે તેઓ દરરોજ એક જુના થઈ ગયેલા કાયદાઓને દૂર કરવા માંગે છે અમે ૭૦૦ આવા કાયદાને દૂર કરવા ઈચ્છુક છીએ. સરકારનો હેતુ ૧૭૦૦ અન્ય કાયદાઓને પણ દૂર કરવા ઈચ્છુક છે. કાયદાની સાથે-સાથે સુવિધાઓ આપવાની બાબત પણ મહત્વપૂર્ણ છે. કાયદાકીય પ્રક્રિયાને સરળ બનાવવાની જરૂર છે. કોર્ટના




કામકાજમાં ઉપયોગ થતી ભાષા ખૂબ જ જટીલ રહે છે. આ ભાષા એવી હોવી જોઈએ જેનાથી સામાન્ય લોકો સરળતાથી સમજી શકે. ન્યાયતંત્ર શક્તિશાળીની સાથે-સાથે બિલકુલ યોગ્ય રહે તે જરૂરી છે. ક્વોલિટી મેનપાવર પર તેમણે ખાસ ભાર મુક્યો હતો. કાયદા અને બંધારણના આધાર ઉપર ચુકાદા આપવાની બાબત સરળ છે. પરંતુ સાવધાની ખૂબ જ જરૂરી છે. રાજકીય વર્ગને પણ બિનજરૂરી વિવાદો ઉભા કરવા જોઈએ નહીં. જો રાજકારણીઓ અને સરકાર કોઈ ભૂલ કરે છે તો ન્યાયતંત્રમાં સુધારો શક્ય છે. પરંતુ જો ન્યાયતંત્ર ભૂલ કરે છે તો આ ભૂલ યથાવત રહે છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટના જજ સામે સંસદમાં રજુ કરવામાં આવેલી ઈમ્પીચમેન્ટ દરખાસ્તનો ઉલ્લેખ કર્યા વગર મોદીએ આ મુજબની વાત કરી હતી. મહિલા જ્યુડીશીયલ અધિકારી સાથે સતામણી બદલ મધ્યપ્રદેશ હાઈકોર્ટના જજ સામે ઈમ્પીચમેન્ટ દરખાસ્ત લવાઈ હતી. તેમણે કહ્યું હતું કે, ચુંટણીપંચ, આરટીઆઈ, લોકપાલ જેવી સંસ્થાઓ રચવામાં આવી ચુકી છે. વડાપ્રધાને લોક અદાલતની જરૂરીયાત ઉપર પણ ભાર મુક્યો હતો અને કહ્યું હતું કે આનાથી સૌથી ગરીબ લોકોને લાભ મળી શકશે. ટ્રીબ્યુનલોની કામગીરી તરફ પણ ધ્યાન આપવા તેમણે વાત કરી હતી.

**વિમાન અમેરિકાથી ભારત આવી રહ્યું હતું**

## એર ઈન્ડિયાના ૨૫૦થી વધુ યાત્રીનો સહેજમાં જ બચાવ

નવી દિલ્હી,તા.૫

અમેરિકાથી મુંબઈ આવી રહેલા એર ઈન્ડિયાના વિમાનના યાત્રીઓનો સહેજમાં બચાવ થતાં તંત્રને મોટી રાહત થઈ છે. નેવાર્ક લિબર્ટી ઈંટરનેશનલ એરપોર્ટથી



ભારતના વાણિજ્ય પાટનગર મુંબઈ માટે ઉડાણ ભરનાર એર ઈન્ડિયાના વિમાનને ફરીવાર અમેરિકામાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી. એર ઈન્ડિયાના આ વિમાનમાં ટેકનીકલ ખામી સર્જાઈ ગયા બાદ વિમાનને પરત ફરવાની ફરજ પડી હતી અને વિમાનને તાકીદે ઉતારી દેવામાં આવ્યું હતું. આ વિમાનમાં ૨૫૦થી વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. મળેલી માહિતી મુજબ, બોઈંગ ૭૭૭-૩૦૦ ઈઆર વિમાને અમેરિકાના સમય મુજબ બપોરે ૪:૫૦ મિનીટે નેવાર્ક લિબર્ટી ઈન્ટરનેશનલ એરપોર્ટથી મુંબઈ માટે ઉડાણ ભરી હતી. ઉડાણ ભરતાની સાથે જ વિમાનના એક એન્જિનમાં વાઈબ્રેશનની સ્થિતિ સર્જાઈ હતી. જેથી બે કલાક સુધી હવામાં રહ્યા બાદ આ વિમાનને નેવાર્કમાં ફરીથી ઉતારી દેવામાં આવ્યું હતું. વિમાનમાં રહેલા પાઈલોટે ખૂબ જ સફળતાપૂર્વક વિમાનને ઉતારી દીધું હતું. એર ઈન્ડિયાએ આ અહેવાલને સમર્થન આપ્યું છે.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું છે કે, યાત્રીઓને દિલ્હી જતા વિમાનમાં ગોઠવવાની વ્યવસ્થા કરાઈ છે. સુત્રોએ કહ્યું છે કે, જ્યારે વિમાનમાં વાઈબ્રેશનની સ્થિતિ સર્જાઈ હતી ત્યારે આ વિમાન ૨૯૦૦૦ ફુટની ઉંચાઈ ઉપર હતું. વિમાનને સુરક્ષિત રીતે ઉતાર દેવામાં આવ્યા બાદ તેમાં ચકાસણી કરાઈ હતી. ચકાસણી દરમિયાન જાણવા મળ્યું કે, એન્જિનમાં એક બ્લેડ તુટી ગઈ હતી. આજ કારણસર વાઈબ્રેશનની સ્થિતિ સર્જાઈ હતી. પાઈલોટની સાવધાનીના પરિણામ સ્વરૂપે આ એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. સુત્રોએ કહ્યું છે કે, સ્થિતિ એટલા માટે પણ ગંભીર હતી કે, સુરક્ષિત ઉતરાણ માટે પહેલા ૬૦૦ ટન ફ્યુઅલ ખતમ કરવાની બાબત જરૂરી હતી. આ જ કારણસર આ વિમાન બે કલાક સુધી હવામાં રહ્યું હતું.

## યમનમાંથી હજુ સુધી ૧૮૦૦ ભારતીયોને બચાવી લેવાયા છે

નવી દિલ્હી,તા. ૫

યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને સુરક્ષિતરીતે ખસેડવા માટેનુ ઓપરેશન હજુ પણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. આઈએનએસ મુંબઈ દ્વારા બચાવી લેવામાં આવેલા ભારતીય નાગરીકોને આજે સુરક્ષિત જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા. ભારતીય સંરક્ષણદળ દ્વારા બચાવ ઓપરેશન ચાલી રહ્યું છે. હજુ સુધી ૧૮૦૦ ભારતીયોને વિમાની સેવા અને દરિયાઈ માર્ગ મારફતે બચાવી લેવામાં આવ્યા છે. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે આજે માહિતી આપતા કહ્યું હતું કે, બંદરશહેરથી ભારતીય નાગરીકોને સુરક્ષિત રીતે ખસેડી લેવાનું કામ ભારતીય નૌકાસેનાએ પૂર્ણ કરી દીધું છે. યુદ્ધગ્રસ્ત યમનમાં સ્થિતિ ખૂબ જ ગંભીર બનેલી છે. હોઉથી બળવાખોરો ઉપર સાઉદીએ હવાઈ હુમલા જારી રાખ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે વહેલી પરોઢે ત્રણ વિમાન મારફતે વધુ ૬૬૪ ભારતીય લોકો પરત ફર્યા હતા. બે વિમાનમાં રહેલા ૩૩૪ લોકો મુંબઈમાં અને અન્ય એક વિમાનમાં રહેલા ૩૩૦ લોકો કોચી પહોંચ્યા હતા. ભારે ભાવનાશીલ દ્રષ્યો વિમાનીમથકે જોવા મળ્યા હતા. આઈએએફના બે વિમાનમાં આવેલા લોકો મુંબઈ પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે યમનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિતરીતે ખસેડી લેવા માટે મોટા પાયે સ્થળાંતર ઓપરેશન જારી રહ્યુ છે. ગરૂવારે ૩૫૮ ભારતીય લોકોને લવાયા બાદ શુક્રવારે યમનમાંથી બીજા ૩૦૬ ભારતીય લોકો રવાના થયા હતા. તેમના માટે તમામ વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. ૨૨મી જાન્યુઆરી બાદથી યમનમાં લડાઈ જારી છે. સાઉદી દ્વારા હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. ભારતીય લોકોને સુરક્ષિત ખસેડી લેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. હજુ પણ ૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા છે. તેઓ મદદની રાહ જોઈ રહ્યા છે. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટે સાઉદી અરેબિયા પાસેથી મદદની માંગ કરી છે.

## દિલ્હીમાં આત્મઘાતી હુમલો થઈ શકે : આઈબીનો રિપોર્ટ

નવી દિલ્હી,તા.૫

ઈન્ટેલીજન્સ બ્યુરોએ દિલ્હી પોલીસને ચેતવણી આપતાં કહ્યું છે કે, રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં




આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આઈબીએ દિલ્હી પોલીસને એલર્ટ કર્યા બાદ સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. આઈબીએ ચેતવણી આપતા કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં હાલમાં જ જે રીતે સાંબામાં આત્મઘાતી હુમલો કરાયો હતો તેવા જ પ્રકારના હુમલાનો પ્રયાસ દિલ્હીમાં થઈ શકે છે. આઈબીએ દિલ્હી પોલીસને માહિતી આપતાં કહ્યું છે કે, ત્રાસવાદી સંગઠનો દિલ્હીમાં હુમલા કરવાની યોજના ઘડી રહ્યા છે. સરહદી વિસ્તારો અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારવા માટે દિલ્હી પોલીસને કહેવામાં આવ્યું છે. માર્ચ મહિનામાં બે આતંકવાદીઓએ સાંબા જિલ્લામાં જમ્મુ-પઠાણકોટ હાઈવે પર આર્મી કેમ્પ ઉપર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. જોકે, ઓપરેશનમાં આ બન્ને ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આવી જ રીતે ત્રાસવાદીઓએ એક પોલીસ ચોકી ઉપર પણ હુમલો કર્યો હતો. સુરક્ષા અધિકારીઓનું કહેવું છે કે, માર્ચ મહિનામાં ત્રાસવાદીઓએ સેનાના યુનિફોર્મમાં આવીને મેસવારા વિસ્તારમાં આર્મીકેમ્પ ઉપર ગ્રેનેડો ઝિંક્યા બાદ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. આ વિસ્તારના બ્રીગેડ કમાન્ડર બીએસ રાણાએ કહ્યું છે કે, સેનાના વસ્ત્રોમાં ત્રાસવાદીઓ હોવાથી તેમની તરત ઓળખ થઈ શકી નહતી. આ શખ્સોએ સાંબા જિલ્લામાં ૮૨ ફિલ્ડ રેઝીમેન્ટ કેમ્પ ઉપર ગોળીબાર કર્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદીઓ હાલમાં તેમની હાજરી પુરવાર કરવામાં સફળ થઈ રહ્યા નથી. સુરક્ષાદળો દ્વારા જોરદાર પગલાના પરિણામ સ્વરૂપે આતંકવાદીઓને સફળતા મળી રહી નથી. જેથી ત્રાસવાદીઓ હવે કોઈપણ સંજોગોમાં હુમલાને અંજામ આપવા પ્રયત્નશીલ છે.

**ઉદ્‌ઘાટન કાર્યક્રમ માટે ૩૦ હજાર ટિકિટોનું વેચાણ**

## આઈપીએલ ઉદ્‌ઘાટન કાર્યક્રમને લઈને ક્રેઝ : સ્ટાર આકર્ષણ

કોલકત્તા,તા. ૫

જેની ક્રિકેટ ચાહકો હવે ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે આઈપીએલની શરૂઆત થવા જઈ રહી છે. બીસીસીઆઈ દ્વારા સોલ્ટલેક



સ્ટેડિયમ ખાતે આયોજિત આઈપીએલના ભવ્ય ઓપનિંગ કાર્યક્રમ માટે ૩૦૦૦૦ ટિકિટ વેચી દેવાનો જ નિર્ણય કર્યો છે. મર્યાદિત ટિકિટોનુ વેચાણ કરવામાં આવનાર છે. સાતમી એપ્રિલના દિવસે ઓપનિંગ કાર્યક્રમ યોજાશે. જેમાં બોલિવુડના કેટલાક કલાકારો પરફોર્મ કરે તેવી શક્યતા છે. માત્ર ૩૦૦૦૦ ટિકિટો જ ઓપનિંગ અથવા તો ઉદ્‌ઘાટન કાર્યક્રમ માટે વેચી દેવામાં આવાનર છે. જેમા કમ્પ્લીમેન્ટરી ટિકિટ અને મહેમાન ટિકિટોનો સમાવેશ થાય છે.ઓપનિંગ કાર્યક્રમમાં બોલિવુડના ટોપ ક્લાકારો પરફોર્મ કરનાર છે. જેમાં રિતિક રોશન, શાહિદ કપુર, અનુષ્કા શર્મા અને ફરહાન અખ્તરનો સમાવેશ થાય છે. ટિકિટોનુ ઓનલાઈન વેચાણ કરવામાં આવનાર છે. શહેરના જુદા જુદા મોલ ખાતે ટિકિટોનુ વેચાણ કરવામાં આવનાર છે. ટિકિટની કિંમત ૨૦૦, ૩૦૦, ૪૦૦, ૫૦૦, ૬૦૦ અને ૧૫૦૦ રૂપિયા રહેશે. આઈપીએલની તમામ તૈયારી કરવામાં આવી રહી છે. હવે આઈપીએલની રોમાંચકતા રહેશે. તમામ ટીમો જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. વર્લ્ડ કપની પૂર્ણાહુતિ થયા બાદ હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. આઈપીએલ ભારે રોમાંચ સર્જનાર છે. વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયા અને રનર્સ અપ ન્યુઝીલેન્ડની ટીમના મોટા ભાગના ખેલાડી પણ આમાં ભાગ લેનાર છે.

## સેરેના વિલીયમ્સે ૮મી વાર મિયામી તાજ જીત્યો

મિયામી, તા. ૫

વિશ્વની પ્રથમ ક્રમાંકિત મહિલા ટેનિસ ખેલાડી સેરેના વિલીયમ્સે આઠમી વખતે મિયામી ડબલ્યુટીએનો તાજ જીતીને નવો ઈતિહાસ સર્જ્યો છે. સ્પેનની કાર્લા સુઆરેઝ ઉપર સેરેના વિલીયમ્સે સીધા સેટમાં ૬-૨,૬-૦થી જીત મેળવી હતી. આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં ૧૯મી ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા જીતી ચુકેલી ૩૩ વર્ષીય અમેરિકી સ્ટારે સતત ત્રીજી વખત આ ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. સેરેના વિલીયમ્સે ગયા વર્ષે જ સૌથી વધુ વખત મિયામી ટ્રોફી જીતવા માટેના સ્ટેફીગ્રાફના રેકોર્ડને તોડી દીધો હતો. શનિવારના દિવસે તે ઓછામાં ઓછી ૮ વખત સ્પર્ધા જીતનાર સ્ટેફીગ્રાફ, માર્ટીના નવરાતીલોવા, ક્રિસ એવર્ટ સાથે ઓપનએરાના ખેલાડીઓમાં જોડાઈ ગઈ હતી. સ્ટેફીગ્રાફે બર્લીનમાં ૯ વખત ટ્રોફી જીતી છે. જ્યારે ક્રિસ એવર્ટે ૮ વખત અને નવરાતીલોવાએ ૮ વખત આ ટ્રોફી જીતી છે. ફાઈનલ મેચમાં સુઆરેજની રમત ખૂબ જ નબળી રહી હતી અને આ મેચ ખૂબ જ એક તરફી રહી હતી.

## બ્લેક મની : સીટ નવેસરથી સ્ટેટસ રિપોર્ટ રજુ કરી શકે

નવી દિલ્હી,તા.૫

કાળા નાણાંના મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ સુપ્રીમ કોર્ટમાં નવેસરથી સ્ટેટ્સ રિપોર્ટ રજુ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારતીયો દ્વારા વિદેશમાં જમા કરવામાં આવેલા તમામ ગેરકાયદેસર નાણાં સાથે સંબંધિત કેસોમાં જુદી-જુદી તપાસ સંસ્થાઓ દ્વારા લેવામાં આવેલા પગલા અને કર ચોરી મામલે લેવાયેલા પગલા સાથે એક્શન ટેકન રિપોર્ટ અને સ્ટેટ્સ રિપોર્ટ બન્ને એકસાથે રજુ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. મોદી સરકાર વહેલી તકે આ મામલે વિરોધીઓને યોગ્ય જવાબ આપવા ઈચ્છુક દેખાઈ રહી છે. સ્ટેટ્સ રિપોર્ટમાં નાણાં મંત્રી અરૂણ જેટલી દ્વારા છેલ્લા બજેટ ભાષણમાં કરવામાં આવેલી જાહેરાતોનો પણ ઉલ્લેખ કરવામાં આવશે. ઉચ્ચસ્તરીય પેનલે થોડાક દિવસો પહેલા જ રિપોર્ટ માટે આંકડા અને વાસ્તવિક્તા એકત્રિત કરવાની કવાયત હાથ ધરી હતી. અંતિમ ડેટા ૬૨૮ એચએસબીસી બેંક કેસની સાથે આવકવેરા વિભાગ દ્વારા લેવામાં આવેલા પગલાનો પણ ઉલ્લેખ રહેશે. સીટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ મહિનાના પ્રથમ પખવાડીયામાં જ નવેસરથી સ્ટેટસ રિપોર્ટ રજુ કરવામાં આવે તેવી શક્યતા છે. અહેવાલ સરકારને પણ સોંપવામાં આવનાર છે. ૨૦૧૪-૧૫ના નાણાકીય વર્ષમાં જુદી-જુદી સંસ્થાઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા રેવન્યુના આંકડાઓ પણ અહેવાલના ભાગરૂપે રહેશે.

સુત્રોનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જસ્ટીસ એમબી શાહના નેતૃત્વમાં પેનલ દ્વારા તમામ સંસ્થાઓ સાથે સીટ હેઠળ હાલમાં બેઠકો યોજી છે. સર્વગ્રાહી વોલ્યુમને કાળા નાણાં અંગે આવરી લેવાય તે હેતુસર આ બેઠક યોજાઈ હતી.નવા અહેવાલમાં કાળા નાણાં સાથે સંબંધિત તપાસના અન્ય પાસાઓને પણ આવરી લેવામાં આવશે. પેનલે અગાઉ સરકારને બે સંપૂર્ણ અહેવાલો સુપ્રત કર્યા છે. સાથે-સાથે ઘણી ભલામણો પણ આપી છે જેમાં ભારતમાં કરચોરીને ગુના તરીકે જાહેર કરવાની બાબતનો સમાવેશ થાય છે. ઉપરાંત પ્લાસ્ટીક નાણાંના ઉપયોગને પ્રોત્સાહન આપવાની પણ ભલામણ કરી છે. હાઈવેલ્યુ ટ્રાંઝેક્શન માટે પાનકાર્ડ ફરજીયાત બનાવવાની પણ ભલામણ કરવામાં આવી છે.

**મોદીની ગીવ ઈટ અપ પહેલને જોરદાર પ્રતિસાદ**

## એક કરોડ ગ્રાહક એલપીજી સબ્સિડી છોડે તેવી યોજના

બેંગલોર,તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૭મી માર્ચના દિવસે વાર્ષિક ઉર્જા કાર્યક્રમમાં પ્રથમ વખત સક્ષમ લોકોને એલપીજી સબસિડી છોડી દેવા લોકોને અપીલ કર્યા બાદ તેને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. મોદીએ પહેલ કર્યા બાદથી હજુ સુધી ૨૯૦૦૦૦ લોકો તેમની એલપીજી સબસિડી છોડી ચુક્યા છે. હવે પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા આના માટે ટાર્ગેટ પણ નક્કી કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે મંત્રાલય ઈચ્છે કે એક વર્ષમાં આ સ્કીમમાં એક કરોડ લોકો સામેલ થાય. એટલે કે એક કરોડ લોકો તેમની એલપીજી સબસિડી સ્વૈચ્છિક રીતે છોડે તેવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. આના કારણે સબસિડી બચત ૩૦૦૦ કરોડ રૂપિયાની રહેશે. તેના કારણે અન્યોની મદદ કરવામાં આવનાર છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા હવે એલપીજી ધારકોને તેમની એલપીજી સબસિડી છોડી દેવા અને ગિવઈટ અપ મુવમેન્ટમા ંસામેલ થવા લોકોને અપીલ કરી છે. પેટ્રોલિયમ મંત્રાલયમાં સ્વંતત્ર પ્રભાર સાથે પ્રધાન રહેલા ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે સબસિડી છોડી દેવાથી ખુબ સંતોષ મળશે અને આના કારણે દેશના ગરીબ ભાગમાં રહેલા લોકોના જીવનધોરણને સુધારી દેવામાં આવસે. સબસિડી છોડી દેવાનુ જે લોકોને પોષાય તેમ છે તે લોકો આગળ આવી લોકોની મદદમાં જોડાય તેવી અપીલ મોદીએ અગાઉ કરી હતી. એલપીજી પર સબસિડી છોડી દેવા તેમના કર્મચારીઓને પ્રોત્સાહન આપવા વડાપ્રધાને કંપનીઓ અને બેંકોને અપીલ કરી હતી. નવા કાર્યક્રમને પ્રોત્સાહન આપવા સાથે સંબંધિત કાર્યક્રમમાં પ્રધાને કહ્યું હતું કે એલપીજી સબસિડી છોડી સક્ષમ લોકો દેશના નિર્માણમાં આગળ આવી શકે છે. કર્ણાટકમાં હજુ સુધી ૨૦૦૦૦ ગ્રાહકો સબસિડી છોડી ચુક્યા છે. પ્રધાને કહ્યું હતું કે દેશભરમાં ગ્રાહકો તરફથી જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. ગિવ ઈટ અપ સ્કીમના લાભની વાત કરતા તેમણે કહ્યું હતું કે ગ્રાહકોના નામ સંબંધિત ઓઈલ કંપનીની વેબસાઈટ પર તેમની પરવાનગી સાથે મુકાશે. તેમના યોગદાનની નોંધ લેવામાં આવનાર છે.

## બોક્સ ઓફિસ પર કમાણીના મામલે સલમાન પ્રથમ

મુંબઈ,તા. ૫

જુદા જુદા ક્ષેત્રોમાં બોલિવુડના ક્યા સ્ટાર સૌથી આગળ રહ્યા છે તે અંગેની જાહેરાત ટાઈમ્સ સેલિબ્રિટી રેન્કિંગમાં કરવામાં આવી છે. ધારણા પ્રમાણે જ દબંગ સ્ટાર સલમાન ખાન બોક્સ ઓફિસ ક્લેક્શનના મામલે પ્રથમ સ્થાન અને આમીરખાન બીજા સ્થાને રહ્યા છે. આ યાદીમાં શાહરૂખખાન દેખાઈ રહ્યો નથી. આવી જ રીતે ઓનલાઈન સર્ચના મામલે પણ સલમાન પ્રથમ અને આમીર બીજા સ્થાને છે. સોશિયલ મિડિયાપર મોસ્ટ ફોલોઅર્સના મામલે અમિતાભ બચ્ચન પ્રથમ અને સલમાન બીજા સ્થાને છે. બ્રાન્ડની જાહેરાતોની વાત કરવામાં આવે તો શાહરૂખ પ્રથમ સ્થાને છે. તેની પાસે સૌથી વદારે ૧૮ જાહેરાતો છે. જ્યારે અમિતાભ બચ્ચન પાસે ૧૪ અને રણબીર પાસે ૧૨ જાહેરાતો છે. રિતિક રોશન ચોથા ક્રમાંકે છે. સલમાન પાસે ૧૦ બ્રાન્ડ રહેલી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે કઈ અભિનેત્રી હાલમાં સૌથી વધુ લોકપ્રિય અને આગળ રહી છે તેની માહિતી જાહેર કરવામાં આવી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારે પ્રકાશિત કરેલા અહેવાલ મુજબ બોલિવુડની લોકપ્રિય અભિનેત્રીઓને પાછળ છોડીને દિપિકા સોશિયલ મિડિયા પર હાલમાં નંબર વન તરીકે રહી હતી. જ્યારે આ યાદીમા પ્રિયંકા ચોપડા બીજા ક્રમાંકે છે. આવી જ રીતે સૌથી વધારે જાહેરાતની વાત કરવામાં આવે તો આ મામલે અભિનેત્રી કેટરીના કેફ પ્રથમ સ્થાને પહોંચી ગઈ છે. કેટરીના પાસે અન્ય તમામ અભિનેત્રીઓ કરતા વધારે બ્રાન્ડની જાહેરાતો છે. તેની પાસે રહેલી બ્રાન્ડની કુલ સંખ્યા ૧૬ છે. જ્યારે કરીના કપુર પાસે ૧૪ અને દિપિકા પાસે ૧૩ બ્રાન્ડની જાહેરાત છે. આવી જ રીતે બોક્સ ઓફિસ ક્લેક્શન મામલે અનુષ્કા શર્મા સૌથી આગળ રહી છ. ઓનલાઈન સર્ચ મામલે ભારતીય કેનેડિયન સ્ટાર સની લિયોન ધારણા પ્રમાણે પ્રથમ સ્થાને રહી છે.

**જોબ માર્કેટમાં ગુલાબી ચિત્ર રહેશે**

## સરેરાશ ૧૦થી ૧૨ ટકા સુધી પગાર વધારો થશે

નવી દિલ્હી,તા.૫

ભારતીય અર્થતંત્રની સ્થિતિ મજબુત દેખાઈ રહી છે. ત્યારે જોબ માર્કેટમાં પણ જોરદાર તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. સરેરાશ ૧૦થી ૧૨ ટકા સુધીનો પગાર વધારો જોવા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રિટેલ કર્મચારીઓ પણ પ્રગતિ કરે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. ટેલેન્ટને જાળવી રાખવા માટે જોરદાર માંગ રહે તેવી પણ શક્યતા છે. કંપનીઓ સર્વોચ્ચ સ્તરે લાભ આપવા માટે પણ તૈયાર દેખાઈ રહી છે.

નિષ્ણાંતોના કહેવા મુજબ ટેલેન્ટને ધ્યાનમાં લઈને ૩૦ ટકા સુધીનો પગાર વધારો પણ મળી શકે છે. સ્થાનિક અર્થતંત્ર સ્થિરતા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ગુલાબી ચિત્ર ઉપસી રહ્યું છે. ઘણા બધા ક્ષેત્રો રોજગારીને લઈને આશાવાદી દેખાઈ રહ્યા છે. સમગ્ર ઈન્ડસ્ટ્રી સરેરાશ ૧૦-૧૨ ટકાનો પગાર વધારો આપી શકે છે. જ્યારે ટોપ પર્ફોમરને ૧૫-૨૦ ટકાનો વધારો મળી શકે છે. સરેરાશ દેખાવ કરનારને ૧૦ ટકા સુધીના પગાર વધારાની શક્યતા દેખાઈ રહી છે. આવનાર દિવસોમાં કુશળ લોકો જે બેરોજગાર બનેલા છે તેમના માટે સારી તક રહેલી છે. રિસર્ચ કંપની ગ્લોબલ હંટ દ્વારા માહિતી આપતા જણાવાયું છે કે, કુશળ કર્મચારીઓને ઘણા બધા લાભ પણ કંપનીઓ તરફથી મળી શકે છે જેમાં લકઝરી ઘડિયાળ, સ્માર્ટ ફોન, આઈપેડ, ફેમેલિ હોલીડે, કાર સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

### સમાચાર ઝલક

- **ઝાયડસ હોસ્પિટલમાં તમામ વર્ગને વિદેશ જેવી અધતન સારવાર મળશે.**
- **૬ એપ્રિલે ભાજપ સ્થાપના દિન ઉજવશે.**
- **મ્યુનિ. દ્વારા તા. ૧લી મે થી ૭મી મે દ્વારા યુનિ. કન્વેશન સેન્ટર ખાતે અમદાવાદ ચોથા નેશનલ બુકફેરનું આયોજન.**
- **લઘુ, મધ્યમ કદના ઉધોગોના ગેસના ભાવમાં રૂ. ૨.૬૫નો ઘટાડો.**
- **વડોદરામાં ક્રેડિટ કાર્ડ કાંડમાં દિલ્હીની ગેંગની ધરપકડ.**
- **સાઈનાએ નં. ૧નો તાજ ગુમાવ્યો.**
- **અનુષ્કા અને ઋતિક આઈપીએલના ઉદઘાટનમાં ધૂમ મચાવશે.**
- **ગોધરાના વેપારી ભોજન સાથે દાંતનું ચોકઠું ગળી ગયા.**
- **જેઈઈ મેઈનનું પેપર અઘરું રહેતાં માર્કિંગ લેવલ નીચું જશે.**
- **મુંબઈમાં સાવ સામાન્ય ઘરમાં રહે છે કોમેડી કિંગ કપિલ શર્મા.**